-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકા બારડોલીના **મોજે ગામ ભામૈયા**ના **સર્વે/બ્લોક નં.૨૭૫/૧,** વાળી જુની શરતની જમીન જેનું ક્ષેત્રફળ હે.૦–૬૮–૮૦ આરે/ ચો.મી. છે જેનો આકાર રૂા.૧૫.૯૮ પૈસા છે જેનો **ખાતા નં.૨૬૬** વાળી જમીન **દિનેશભાઈ જગુભાઈ પટેલ**ની માલીકીની ચાલી આવેલ છે. તથા **સર્વે/બ્લોક નં.૨૭૫/૩,** વાળી જુની શરતની જમીન જેનું ક્ષેત્રફળ હે.૦–૨૮–૩૨ આરે/ ચો.મી. છે જેનો આકાર રૂા.૬.૯૫ પૈસા છે જેનો **ખાતા નં.૨૬૭** છે તે જમીન **દિપક જગુભાઈ પટેલ**ની માલિકીની ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણથી આપવાનું નકકી કરેલ છે. ઉપર જણાવેલી જમીનમાં તેઓ સિવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત લાગ–ભાગ, હિસ્સો, કબજો, ગીરો, લિયન વગેરે હોય યા કોઈ બેંક કે નાણાકીય સંસ્થાનો બોજો હોય તો તેઓએ જરૂરી પુરાવાઓ સાથે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાના દિન–૭ માં નીચે જણાવેલ સરનામે રૂબરૂ સંપર્ક સાંધવો જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ જમીનમાં કોઈના કોઈ પ્રકારના હકકો નથી કે કોઈપણ બેંક યા નાણાકીય સંસ્થાના ચાર્જ યા બોજો નથી અને હોય તો તે જતા કર્યા છે તેવુ માની લઈ અમારા અસીલ સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતાઓએ આથી નોંધ લેવી.

સરનામુ : એ–૪૦૩, ધ બુલેવર્ડ, પ્રથમ સર્કલ પાસે, પાલ, સુરત. મો.નં.૯૭૧૨૨–૪૨૭૨૭

વિનસ એમ. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

મિલકતના ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે **સુરત** ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો:-**ઉધના** મોજે **ગામ:-ડીંડોલીના બ્લોક નં.૩૧૫ થી ૩૨૦,** જેને **લાગુ ટી.પી. સ્કીમ નં.૪૧(ડીંડોલી), ફાઇનલ પ્લોટ નંઃ ૪ થી ૯ (ટી.આર. મુજબ ફાઈનલ પ્લોટ નંઃ ૧૩)** થી નોંધાયેલ બિનખેતીની જમીનમાં આયોજીત **"નંદનવન ટાઉનશીપ"** માં **સબ પ્લોટ નંઃ ૩ (રીવાઈઝ મંજુર પ્લાન મુજબ)** આવેલ **બી-ટાઇપ** પ્લોટો પૈકી **પ્લોટ નં.બી/૨૫૪** વાળી મિલ્કતની હાલની માલિકી **સાવરમલ રામનિવાસ ચિતલાંગિયા**ની ચાલી આવેલ છે. સદરહુ મિલ્કતના માલિક પાસેથી **અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૭૩૮૩ તા.૧૧-૦૬-૨૦૧૫ની ફક્ત અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ** ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવી અમો કનેથી સદરહુ મિલ્કતનું ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મિલ્કત બાબતે કોઇને કોઈપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત, કોઇ કોલ-કરાર, દરદાવો, હક્ક, હીત, હીસ્સો, દાવાદુવી કે અન્ય કોઈપણ પ્રકારનું હક્ક-હીત-હિસ્સો કે તર-તકરાર અથવા કોઇ નાણાંકીય સંસ્થાનો ચાર્જ યાને બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન-૭માં** લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામાં ઉપર જાણ કરવી મુદત વિત્યે કોઇના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહીં તો સદરહુ જમીન-મિલ્કતનું અમો એડવોકેટસ ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને સદરહુ જમીન-મિલ્કત અમારા અસીલ બેંક ઇકવીટેબલ મોર્ગેજ(ગીરોમાં)લેશે અને પાછળથી કોઇના કોઈપણ જાતના વાંધા ચાલશે નહીં અને સદરહુ મિલ્કત ઉપર અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી. તા.૦૮-૦૫-૨૦૨૬

સુજીત બી.રામોલીયા એડવોકેટ
ઓફીસ નંબરઃ ૪૦૧૩,સેન્ટ્રલ બાઝાર, વરાછા પોલિસ સ્ટેશનની સામે,વરાછા,સુરત મો.: ૯૮૨૪૭-૨૧૦૦૨

મોજે : ડુમસના સર્વે. ૭૬૩, ટી. પી. સ્કીમ નં. ૮૨ ના ફા. પ્લોટ નં. ૯૨ વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

મોજે : ડુમસ, તા. મજુરા, જી. સુરતના સર્વે. ૭૬૩ વાળી ૧૦૯૨૭ ચો. મી. બિનખેતીની જમીન કે જેને ટી. પી. સ્કીમ નં. ૮૨ (ડુમસ) લાગુ થતા મૂળ ખંડ નં. ૯૨ આપવામાં આવેલો છે અને તેના બદલામાં અંતિમ ખંડ નં. ૯૨ થી ૬૫૫૬ ચો. મી. જમીન ફાળવવામાં આવી છે તે જમીન (૧) ઓમપ્રકાશ મન્નાલાલ સોંથલીયા, (૨) ગોવિંદ મન્નાલાલ સોંથલીયા, (૩) વિનય ઓમપ્રકાશ સોંથલીયા, (૪) રીતુ વિકાસ પોદાર, (૫) રાજેશ બાલકિશન પોદાર, (૬) લાલચંદ કરમચંદ સિંધી (૭) અશોક રામઅવતાર સુલતાનીયા પૈકી અનુક્રમ નં. (૨) થી (૭) ના નામે મહેસુલી રેકર્ડ ઉપર ચાલે છે. તે જમીન ઉપરોકત તમામ ઈસમોએ ભેગા મળી તમામ પ્રકારના બોજાઓથી મુકત રીતે અને પ્રત્યક્ષ કબજા સાથે મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલું છે અને વેચાણ દસ્તાવેજ કરી આપવાની બાંહેધરી આપી છે. મારા અસીલ કિંમતી અવેજ ચુકવી સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા માંગે છે. સબબ, મારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, જે કોઈના મજકુર જમીન ઉપર સીધા કે આડકતરા કાંઈપણ હક્ક, હિત, સંબંધ, દર-દાવા, કલેઈમ હોય કે સુચિત વ્યવહાર સામે કોઈપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭** ની મુદતમાં પુરાવા સહિત નીચે સહી કરનારને લેખીત જાણ કરવી. મુદત દરમ્યાન કોઈ કલેઈમ કે વાંધા મળે નહીં તો મુદત વિત્યે તેવા કોઈના કલેઈમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી મારા અસીલ આ વ્યવહાર સંપૂર્ણ કરશે અને તે બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહિં તેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

મહર્ષિ હિતેશ લાયવાલા (તે ખરીદનારના એડવોકેટ)
ત્રીજો માળ, સાઈગોન, સીટીલાઈટ રોડ, પાર્લે પોઈન્ટ, અઠવાલાઈન્સ, સુરત.

ફક્ત વિદ્યાર્થીનીઓ માટે

શું તમે ધોરણ ૯, ૧૦, ૧૧ તથા ૧૨ માં પ્રવેશ લેવા માંગો છો પણ મૂંઝવણમાં છો ?
શું તમારૂં ભણતર અધૂરું રહી ગયું છે ?
મનપસંદ વિષય સાથે સરળ રીતે અભ્યાસ કરવાની તક
NIOS બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ પૂર્ણ કરો.

વધુ માહિતી માટે સંપર્ક કરો : +091 63512 66608, 0261 2300234
Email : viosfomios@gmail.com
NIOS VANITA VISHRAM, Athwagate, Surat-395001.

જાહેર ચેતવણી

ડીસ્ટ્રીકટ જીલ્લો: નવસારી, તાલુકો: જલાલપોર, ના મોજે ગામ: **ડાભેલ, બ્લોક નંબર: ૬૧૬,** સર્વે નંબર : ૫૬૩ વાળી જુની શરતની ખેતીની જમીન જેનું કુલ ક્ષેત્રફળ હે. ૦-૮૪-૩૧ આરે ચો.મી. **ખાતા નંબર : ૧૩૯૨** તથા આકાર રૂા. ૯.૧૫ પૈસા વાળી ખેતીની જમીન તેવી જમીનના માલીક કનેથી **મહમદ મુસેજી મોટા** એ ક્ષેત્રફળ હે. ૦-૪૨-૧૫ આરે ચો.મી. વાળી જમીન વેચાણથી ખરીદ કરેલ હોય તેવું મારા અસીલને બતાવી ઉપરોકત જમીન મારા અસીલને વેચાણથી આપેલ છે. જે અંગેની **સોદાચિઠ્ઠી બનાવી ટોકનની રકમ મહમદ મુસેજી મોટા એ સ્વીકરેલ છે,** પરંતુ જે અંગેનો વેચાણ દસ્તાવેજ આજદીન સુધી રજીસ્ટર્ડ કરી આપેલ નથી. આ ઉપરાંત મહમદ મુસેજી મોટા ઉપરોકત જમીન ત્રાહીત વ્યકિત વેચાણ કરવાનું હોવાની વાતો કરે છે તથા ઉપરોકત જમીન પૈકી ખરીદનારાઓ પાસેથી ટોકન રકમ પણ સ્વીકારે છે. આથી જાહેર જનતાને ચેતવણી આપવાની કે ઉપરોકત જમીનમાં હમોની સોદાચિઠ્ઠી હોય આથી કોઇપણ વ્યકિત ઉપરોકત જમીન પેટે અમોની જાણ બહાર ટોકન રકમ કોઇ પણ ત્રાહીત વ્યકિતને આપે છે તો તે અંગેની સંપુર્ણ જવાબદારી ટોકન આપનારની રહેશે. જે અંગે ભવિષ્યમાં કોઇ પણ પ્રકારની તર-તકરાર કરવાની રહેશે નહી. જો કોઈ વ્યકિત ઉપરોકત જમીન પેટે ટોકન કોઇ ત્રાહિત વ્યકિત ને આપશે તો તેણે સીવીલ પ્રકરણોમાં સંડોવવું પડશે જેથી આ નોટીસ આપી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સદર જમીન કોઈપણ વ્યકિતએ ખરીદવી નહી તથા કોઈપણ ત્રાહીત સાથે ઉપરોકત જમીન અંગે સોદો કરવો નહી. જો આ નોટીસની વિરૂધ્ધ જઈ કોઈપણ કાર્ય કરવામાં આવશે તો તેઓએ સીવીલ પ્રકરોણમાં સંડોવાવું પડશે. જેની લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૮/૦૫/૨૦૨૬ તે મારા અસીલ ની સુચના અને ફરમાઇશ અન્વયે

Add.:-825-826,KBC, OPP. ABHISHEK ARCADE, YOGI CHOWK, SURAT-395006. MO.97251 01212

ટવીંકલ એમ. ચોપડા
એડવોકેટ

મોજે : જોળ, તા. મહુવા, જી. સુરતના સર્વે નં. ૪૫/૧, બ્લોક નં.૭૨ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ મહુવાના મોજે ગામ - જોળના સર્વે નંબર : ૪૫/૧, બ્લોક નંબર : ૭૨ કે જેનુ જરાયત ક્ષેત્રફળ સુમારે હે. ૧ - ૫૫ આરે ૦૦ ચો.મી. કે જેનો આકાર રૂા.૪.૨૦ પૈસા, ખાતા નંબર : ૧૯૧ છે તે ખેતીની જમીન (૧) મહેશભાઈ રામભાઈ પટેલ તથા (૨) અશોકભાઈ રામભાઈ પટેલનાઓની સંયુકત માલીકીની ચાલી આવેલ હતી ત્યારબાદ, તેઓ વચ્ચે તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ થયેલ વહેંચણ લેખ મુજબ સદરહુ જમીન અશોકભાઈ રામભાઈ પટેલના હિસ્સે આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર : ૬ યાને હક્કપત્રકના દફતરે એન્ટ્રી નં. : ૩૬૩૯ થી તા.૨૯/૦૪/૨૦૨૬ ના રોજ પાડવામાં આવેલ. ત્યારથી સદરહુ જમીનના માલીક અશોકભાઈ રામભાઈ પટેલ થયેલા. જેથી સદરહુ જમીન અશોકભાઈ રામભાઈ પટેલનાઓએ પોતાની સ્વતંત્ર અને સંપૂર્ણ માલીકી કબજા, ભોગવટા હેઠળની તથા ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કર્યુ છે. તેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હક્ક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર હોઈ કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હક્ક કે ગણોત હક્ક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત) માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ મિલકતમાં કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હક્ક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હક્ક કે ગણોત હક્ક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ નાણાંકીય વ્યવહાર કરી પાકા દસ્તાવેજો લખાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઇની કોઈપણ તકરાર કે હક્ક દાવો ચાલશે નહી, જેની નોંધ લેવી. તા. ૦૮/૦૫/૨૦૨૬

હિતેશ જે. પટેલ (એડવોકેટ એન્ડ નોટરી) મો.નં. ૯૭૨૬૮ ૮૮૧૯૮
અમર બી. જરીવાલા એડવોકેટ મો. ૯૦૧૬૨૫૬૨૯૯
ઓફીસ : એફ/૯-૧૦, સુધન કોમ્પલેક્ષ, અલથાણ રોડ, સુરત.

ગાંધીનગર કોંગ્રેસના 20 કાર્યકરો 6 વર્ષ માટે સસ્પેન્ડ

અમદાવાદ : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 2026માં નિરાશાજનક દેખાવ બાદ પ્રદેશ કોંગ્રેસમાં આંતરિક અસંતોષ સપાટી પર આવ્યો છે. ગાંધીનગરમાં કોંગ્રેસના પરાજય બાદ જિલ્લા કોંગ્રેસ સમિતિએ પક્ષ વિરોધી પ્રવૃત્તિના આરોપસર 20 જેટલા પદાધિકારીઓ અને કાર્યકરો સામે કડક કાર્યવાહી હાથ ધરી પક્ષના પ્રાથમિક સભ્યપદેથી આગામી 6 વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર કોગ્રેસના પ્રમુખ અરવિંદસિંહ સોલંકી દ્વારા જાહેર કરાયેલી યાદીમાં જણાવાયું છે કે સંબંધિત સભ્યોએ પક્ષના અધિકૃત ઉમેદવારોને નુકસાન પહોંચાડે તેવી પ્રવૃત્તિઓ કરી હતી. આ આરોપોને આધારે તેમને પક્ષના પ્રાથમિક સભ્યપદેથી આગામી 6 વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ થયેલા કાર્યકરોમાં દહેગામ, માણસા અને કલોલ વિસ્તારના અગ્રણીઓનો સમાવેશ થાય છે. જિલ્લા કોંગ્રેસ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયથી સ્થાનિક સ્તરે રાજકીય ચર્ચાઓ તેજ બની છે.

નામ બદલ્યું છે

મારું જુનું નામ લગ્ન પહેલા **રજનીકાબેન નારાયણભાઈ દવે** હતું. જે બદલીને લગ્ન બાદ નવું નામ **રજનીકાબેન જયેશભાઈ દવે** રાખેલ છે. જેની સર્વે લાગતા વળગતાએ નોંધ લેવી.
સહી/- રજનીકાબેન જયેશભાઈ દવે
સરનામું : બી–૨/૫૦૨, મંગલમ પાર્ક, પ્રગતિનગર પાસે, પીપલોદ, સુરત. ૩૯૫૦૦૭ (ગુજરાત – ભારત)

જાહેર ચેતવણી

અમીત તારાચંદ ઉદાસી

આથી જાહેર જનતાને આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે, બાજુના ફોટામાં દર્શાવેલ વ્યકિત અમારો પુત્ર **અમીત તારાચંદ ઉદાસી** ઘણાં સમયથી હમારા કહયામાં નથી અને ખોટા માર્ગે ચાલતો હોય, જેથી હમોએ હમારી તમામ પ્રકારની સ્થાવર તથા જગંમ માલ મીલકતો માંથી કાયમને માટે હમારા પુત્ર અમીત ને છુટો યાને બેદખલ કરેલ છે તથા હમારી સાથે કે હમારા કુટુંબ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કે સંબંધ રાખેલ નથી, માટે કોઈપણ વ્યકિત, સંસ્થા કે અન્ય કોઈએ પણ તેની સાથે હમારા કે હમારા કુટુંબના નામે કોઈ પણ જાતનો નાણાકીય કે અન્ય વ્યવહાર કરવો કરાવવો નહી કે કોઈપણ પ્રકારનો સંબંધ બાંધવો બંધાવવો નહી. તેમજ સાથેના કોઈપણ પ્રકારના વ્યવહાર અંગેની તમામ જવાબદારી જે તે વ્યકિત, સંસ્થા કે ઈસમની રહેશે સહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૦૮-૦૫-૨૦૨૬
મારી માર્ફત :
વિજય કે.જરીવાલા (એડવોકેટ)
ઓફિસ : ૧૦૩,સિધ્ધિવિનાયક એપાર્ટમેન્ટ, વાડીફળીયા, પગથીયાશેરી, સુરત. મો. નં. ૯૮૨૪૧-૭૫૯૬૯

મારી સુચનાથી :
(૧) શ્રી તારાચંદ ભાગચંદ ઉદાસી, રહેવાસી : રૂમ નં.૨૨, રામનગર, રાંદેર રોડ, સુરત. સુરત.

મોજે : અરીયાણા, તા.ઓલપાડ, જી.સુરતના બ્લોક નં–૯૯/અ વાળી ખેડખાતાની જમીન પૈકી વણવહેંચાયેલ અવિભાજય હિસ્સાની ૨૨૨૬ ચો.મી. જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી સર્વેને લાગતા વળગતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ ઓલપાડ ના **મોજે અરીયાણા** ના રેવન્યુ બ્લોક નં–૯૯/અ વાળી ખેડખાતાની જુની શરતની પિયત જમીન જેનું ક્ષેત્રફળ ૧–૫૭–૮૯ હે.આરે.ચો.મી. છે જેનો આકાર રૂા.૧૬.૯૮ પૈસા છે તે જમીનના ધારણકર્તાઓ (૧) ઉર્મિલાબેન બાલુભાઈ મગનભાઈની વિધવા,(૨) નરેશભાઈ બાલુભાઈ,(૩) ટીનુબેન બાલુભાઈ,(૪) મીનાબેન બાલુભાઈ, તમામ રહેઃ વચલો મહોલ્લો, અરીયાણા ગામ,તા. ઓલપાડ, જી.સુરત નાઓએ **મજકુર આખી જમીન પૈકી વણવહેંચાયેલ અવિભાજય હક્ક, હિત, હિસ્સાની ૨૨૨૬ ચો.મી.જમીન** અમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણથી આપવાનું નક્કી કરનાર છે. જેથી મજકુર જમીનમાં કોઈપણ ઈસમ/સંસ્થાનો લાગભાગ, બેંક લોન, સહકારી મંડળીની લોન, શરાફી લોનનો હક્ક, હિત, હિસ્સો, દરદાવો, ખાધા–ખોરાકી, પોષાકી, રસ્તા, ચેનલના ઈઝમેન્ટ રાઈટ્સ, કબજા, ભોગવટા અંગે તર–તકરાર હોય કે ખાનગી/સહકારી/સરકારશ્રીના બોજાઓ હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૭ માં જરૂરી દસ્તાવેજી પુરાવા સહીત અમોને રૂબરૂ મળી ખાત્રી કરાવી જવી. મુદત બાદ કોઈપણ ઈસમ/સંસ્થાનો હરકોઈ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો, દરદાવો, ખાધા ખોરાકી, પોષાકી, કબજા, ભોગવટા રસ્તાના તથા સિંચાઈના ઈઝમેન્ટના રાઈટ્સ તેમજ કોઈપણ ઈસમ/સંસ્થાનો લાગભાગ, બેંક લોન, સહકારી મંડળીની લોન, શરાફી લોન તેમજ અન્ય ઈઝમેન્ટ રાઈટ્સ અંગે તર–તકરાર હોય તો તે જતા યાને વેવ કર્યા છે તેમ માની અમારા અસીલ સદરહુ જમીનના ટાઈટલ સંબંધી પાકા રજીસ્ટર્ડ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિત/સંસ્થાની કોઈપણ પ્રકારની તર–તકરાર કે વાંધા–વચકા ચાલશે નહી. જેની હરકોઈ ઈસમે/ સંસ્થાએ નોંધ લેવી.

ઓફીસ : જાગૃતિ કોમ્પલેક્ષ, પહેલા માળે, મસ્જીદની બાજુમાં, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત. મો.નં. ૯૩૭૪૭૦૦૪૮૧

(ભૂપેશ આર. પટેલ)
તે ખરીદનારના એડવોકેટ

જાહેર નોટીસ

નગર રચના યોજના નં. ૩૫ (કુંભારીયા-સારોલી-સણીયા હેમાદ-દેવધ)

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, મુસદારૂપ નગર રચના યોજના સુરત નં. ૩૫ (કુંભારીયા-સારોલી-સણીયા હેમાદ-દેવધ) સુરતમાં આવરી લેવાયેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ જમીનોના માલિકો/હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને સદરહુ યોજનાની પ્રારંભિક યોજનાના નિર્ણયો જાહેર કરતા પહેલાની અધતન દરખાસ્તની સુનાવણી બાબતે અત્રેથી તા. ૨૭/૦૩/૨૦૨૬ ના રોજથી સ્વતંત્ર નોટીસ બજાવવામાં આવેલ. જે સુનાવણીનું કામકાજ તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે.

આમ યોજના વિસ્તારમાં માલિકી ધરાવતી, હિત, સંબંધ ધરાવતી કે ભાડુઆત, કબ્જા હક્ક ધરાવતી દરેક વ્યક્તિઓને નામ કે સરનામાના અભાવે કે અન્ય કોઈ કારણસર નોટીસ બજેલ ન હોય તો તેવી વ્યક્તિઓ/ઈસમોને આ જાહેર નોટીસ ધ્વારા જણાવવામાં આવે છે કે, આ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૭ (સાત)માં નીચે જણાવેલ સરનામે રજાના દિવસો સિવાય કચેરીના કામકાજના સમય દરમ્યાન નીચે સહી કરનાર નગર રચના અધિકારી સમક્ષ રૂબરૂ અથવા અધિકૃત પ્રતિનિધિ ધ્વારા જમીનની માલિકી અંગેના દસ્તાવેજી પુરાવા જેવા કે, ગામ નમુના નં.૭/૧૨ની અધતન અસલ નકલ, સક્ષમ સત્તામંડળ ધ્વારા મંજુર કરેલ લે-આઉટ/બાંધકામના નકશાની પ્રમાણીત નકલ તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ સહ હાજર રહી પ્રારંભિક યોજનાના નિર્ણયો જાહેર કરતા પહેલાની અધતન દરખાસ્ત અંગે સમજણ મેળવી રજુઆત કરી શકશે.

ઉક્ત મુદત દરમિયાન યોજનામાં સમાવિષ્ટ જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી અન્ય વ્યક્તિઓ તરફથી જો કોઈ રજુઆત કરવામાં નહી આવે તો પ્રારંભિક યોજનાની નિર્ણયો જાહેર કરતા પહેલાની અધતન દરખાસ્તની બાબતે તેઓએ કાંઈ કહેવાનું નથી તેમ સમજી અત્રે ઉપલબ્ધ રેકર્ડ, પુરાવાઓ ધ્યાને લઈ ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈ મુજબ પ્રારંભિક યોજનાની દરખાસ્તો આખરી કરવા સંબંધિત આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તે અન્વયે લીધેલ નિર્ણય તમામને માન્ય તેમજ બંધનકર્તા રહેશે. જેની દરેકે નોંધ લેવા વિનંતી છે.

-: પરિશિષ્ટ :-

નગર રચના યોજના નં. ૩૫ (કુંભારીયા-સારોલી-સણીયા હેમાદ-દેવધ) સુરતમાં સમાવિષ્ટ,
મોજે : કુંભારીયા ના બ્લોક નં. ૧ થી ૩૨, ૩૪, ૩૫, ૪૮ થી ૬૩, ૧૧૮ થી ૧૨૧, ૧૨૩ થી ૧૪૨, ૧૫૨ થી ૧૫૫, ૧૫૭ થી ૨૮૫, ૨૮૭, ૨૮૮, ૨૯૦, હયાત રસ્તા, વોટર બોડી.
મોજે સારોલી ના બ્લોક નં. ૧ થી ૧૧, ૧૪ થી ૪૩, ૯૨ થી ૧૧૨, ૧૧૭ થી ૧૨૧, ૧૨૪ થી ૧૮૮, હયાત રસ્તા, વોટર બોડી.
મોજે સણીયા હેમાદ ના બ્લોક નં. ૧ થી ૩૨, ૩૪, ૩૯ થી ૪૭, ૬૭/પૈકી, ૬૯ થી ૭૧, ૨૧૫ થી ૨૧૮, ૨૬૩, ૨૯૦, ૨૯૧, હયાત રસ્તા, વોટર બોડી.
મોજે દેવધ ના બ્લોક નં. ૧૧૬ થી ૧૨૬, ૧૨૮ થી ૧૩૧, ૧૩૭, હયાત રસ્તા, વોટર બોડી.
સ્થળ : સુરત
તા. ૬/૦૫/૨૦૨૬
સરનામુ:-
નગર રચના અધિકારી અને નગર નિયોજક-૧, પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી, સુરત નગર રચના યોજના, એકમ-૧, પાંચમો માળ, સુડા ભવન, આગમ આર્કેડની સામે, વેસુ-આભવા રોડ, વેસુ, સુરત- ૩૯૫૦૦૭.

(એ. એમ. પટેલ)
નગર રચના અધિકારી અને નગર નિયોજક-૧, સુરત નગર રચના યોજના, એકમ-૧, સુરત.

Email:stp-tpo1-srt@gujarat.gov.in
ક્રમાંકઃ માહિતી-સૂરત/૮૨/૨૦૨૬

સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટ મોજે ગામ અટોદરામાં આવેલ સર્વે/બ્લોક નંબર : ૨૬૬ વાળી જુની શરતની ખેતીની જમીન સંબધે જાહેર નોટીશ તથા જાહેર ચેતવણી

સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટ મોજે ગામ અટોદરામાં આવેલ સર્વે/બ્લોક નંબર : ૨૬૬ વાળી જુની શરતની ખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ ૧૯,૬૨૭ ચો.મી. તથા પોત ખરાબો ૧૧૧૩ ચો.મી જમીન જેનુ કુલ ક્ષેત્રફળ ૨૦,૭૪૦ ચો.મી જમીન તથા તેને લાગતાં વળગતાં અંદરના તથા બહારનાં તમામ હકકો સહીતની જમીન (૧) શેખ હુશેન હામેદ (૨) ફાતમા હામેદ (૩) મદિના હામેદ (૪) હવાબીબી હામેદ (૫) દસ્તગીર ગુલામ મહંમદ (૬) ફરીદ ગુલામ મહંમદ (૭) સઈદ ગુલામ મહંમદ (૮) હફીદા ગુલામ મહંમદ (૯) અલ્તાફ આમદ શેખ તે અયાઝાબીબી ગુલામ મહંમદના પુત્ર (૧૦) રઈશાબીબી આમદ શેખ તે હયાઝાબીબી ગુલામ મહંમદની છોકરી (૧૧) મોહંમદ હાફીઝ અબ્દુલ રહીમ શેખ (૧૨) ગુલામ મુસ્તફા અબ્દુલ રહીમ શેખ (૧૩) મરીયમબીબી અબ્દુલ રહીમ શેખ (૧૪) સાબેરા ગુલામ મહંમદનાઓની માલીકી અને કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનુ જણાવી અને તે હેસીયતથી અમારા અસીલો યાને (૧) નિઝામુદ્દીન ગુલામ હુસેન પટેલ અને (૨) યાકુબ ગુલામ હુસેન પટેલને તારીખ : ૦૫/૦૨/૨૦૧૧ના રોજ કબજા સાથેનો વેચાણ સાટાખત કરવામાં આવેલ અને સદર સાટાખત નોટરી એડવોકેટશ્રી મનીષકુમાર આર. પટેલના રજીસ્ટરમાં અનુક્રમ નંબર : ૭૫૬ થી તારીખ : ૦૭/૦૨/૨૦૧૧ના રોજ નોધાયેલ છે અને ત્યારથી જ અમારા અસીલોને જમીનના ઉપરોકત માલીકોએ તમામની જાણમાં ફેબ્રુઆરી– ૨૦૧૧માં દાવાવાળી જમીનનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો સોપેલ અને કબજેદાર તરીકે અમારા અસીલો વર્ષોથી ખેતી કરતા ચાલી આવેલ છે. આ ઉપરાંત જમીન માલીકોએ અમારા અસીલોને કબજા સાથેનો વેચાણ સાટાખતના લેખ સિવાય અન્ય કાયદેસરના લેખો, લખાણો પણ કરી આપેલ અને અમારા અસીલો પાસે નકકી થયા મુજબનો અવેજ ઉપરાંતનો વધુ અવેજ વસુલ લીધેલ હોવા છતા તેઓએ કરી આપેલ કાયદેસરના કરારોમાંથી ફરી ગયેલ છે અને સદરહુ જમીનના માલીકો પૈકી (૧) અમીનાબીબી હુશેન શેખ (૨) તાહેરાબીબી હુશેન શેખ (૩) સલીમ હુશેન શેખ (૪) મુમતાઝ હુશેન શેખ (૫) મહેરૂન્નીશા ઉર્ફે મહેરાજ હુશેન શેખનાએ સદંતર ખોટો, બનાવટી તેમજ કાયદા વિરૂધ્ધના કહેવાતા રજી. વેચાણ દસ્તાવેજ ઉભો કરેલ છે જે કહેવાતા રજી. વેચાણ દસ્તાવેજ મહેરબાન ઓલપાડના સબ રજીસ્ટ્રારની કચેરીમાં અનુક્રમ નંબર : ૬૩૩૬ થી તારીખ : ૦૭/૦૪/૨૦૨૬ના રોજ નોધાયેલ છે. સદર કહેવાતા રજી. દસ્તાવેજ કરાવી લેનાર તરીકે સાજીદઅલી ગુલામઅલી શેખ છે. જેઓ બોનાફાઈડ પરચેઝર નથી. ઉપરોકત સંજોગોને લીધે અમારા અસીલોએ સદરહુ જમીન માલીકો પુરેપુરી અવેજની રકમ વસુલ લઈ ફરી ગયેલ હોવાથી અને અમારા અસીલોના હક હિત વિરૂધ્ધ વર્તી રહેલ હોવાથી ઉપરોકત તમામ ઈસમો વિરૂધ્ધ જાહેરાત, જાથુકની મનાઈ, સાટાખત તથા કબુલાતના લેખના વિશેષ અમલનો વિકલ્પે નુકશાની વસુલાત તથા રજી. વેચાણ દસ્તાવેજ રદ બાતલ ઠરાવવા વિગેરે અંગેનો દાવો મહે. ઓલપાડના પ્રીન્સીપલ સીની. સીવીલ જડજ સાહેબની કોર્ટમાં સ્પે.દિ.મું.નંબર : ૭/૨૦૨૬ થી તારીખ : ૧૦/૦૪/૨૦૨૬ના રોજ દાખલ કરેલ છે જે દાવો હાલ પેન્ડીગ છે અને મેટર સબ–જ્યુડીશ છે. સદર દાવા સંબધે અમારા અસીલોએ લીઝ પેન્ડન્સ પણ નોધાવેલ છે. જે સબ–રજીસ્ટ્રાર ઓલપાડ કચેરીમાં અનુક્રમ નંબર : ૭૩૧૧ થી તારીખ : ૨૧/૦૪/૨૦૨૬ના રોજ નોધાયેલ છે. પરતુ સદર જમીન કે તેનો કોઈ ભાગ ઉપરોકત ઈસમોને વેચાણ કરવાનો કોઈ હકક અધિકાર નથી. સદરહુ જમીન અંગે ઉપરોકત વિગતે દાવો પેન્ડીગ હોય અને સદરહુ જમીનમાં અમારા અસીલોનુ હીત કબજા સાથેના વેચાણ સાટાખત થકી તથા અન્ય કાયદેસરના લેખો લખાણો થકી સમાયેલ હોય જેથી કોઈપણ વ્યકિત, સંસ્થાએ સદરહુ જમીન સબંધે કોઈપણ વેચાણ વ્યવહાર, લેખો, લખાણો કરવા નહી અને જો કરશે તો તેમા તેમને તકરાર સીવાય કશુ પ્રાપ્ત થશે નહી અને તેઓને દાવા–દુવીના પ્રકરણોમાં ઉતરવુ પડશે તેમજ અમારા અસીલોએ સદરહુ જમીન માલીકો અને વેચાણ લેનાર વિરૂધ્ધ પણ ફોજદારી ફરીયાદ આપેલ છે. જેની જાહેર જનતા ખાસ નોધ લેશોજી.

તારીખ : ૦૮/૦૫/૨૦૨૬
ઠે : એ– ૭૦૪, તિરૂપતી પ્લાઝા, બહુમાળી બિલ્ડીંગની પાછળ, અઠવાલાઈન્સ, સુરત ૩૯૫ ૦૦૧

મારી મારફત
હીરક પ્રદીપ મહેતા
તે સ્પે. દિ. મું. નંબર : ૦૭/૨૦૨૬ના વાદીના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટિસ

મોજેઃ ઇચ્છાપોર, તા.અડાજણ, જિ.સુરત

ક્રમ	બ્લોક નં.	૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે-આરે	આકાર રૂા. પૈસા	ખાતા નંબર
૧	૭૫૨+૭૫૩+૭૫૪	હે.આરે. ૧-૮૮-૧૮ ચો.મી. પૈકી વણવહેંચાયેલ હિસ્સાની ૩૭૬૩.૬૦ ચો.મી. જમીન	૨૦.૦૦	૨૪૬
૨	૭૫૦/ પૈકી ૨	હે.આરે. ૧-૫૮-૮૪ ચો.મી. પૈકી વણવહેંચાયેલ હિસ્સાની ૩૧૭૬.૮૦ ચો.મી. જમીન	૧૩.૦૦	૨૪૬
૩	૮૩૭	હે.આરે. ૦-૫૨-૬૧ ચો.મી. પૈકી વણવહેંચાયેલ હિસ્સાની ૧૦૫૨.૨૦ ચો.મી. જમીન	૬.૬૨	૨૪૬

સુરત જીલ્લાના અડાજણ તાલુકાના મોજે ગામ ઇચ્છાપોર ની ઉપરોક્ત વિગતેની ખેતીની જમીનો બચુભાઈ ડાહ્યાભાઈ નાઓએ તેમની માલીકીની પ્રત્યક્ષ કબજા ભોગવટાની, નકરજી, નબોજી તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ બોજાઓથી મુક્ત મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે.

ઉપરોક્ત વિગતેની મિલકત અંગેના માલીકી ટાઈટલ, રાઇટ્સ, ઇન્ટરેસ્ટ, વેચાણ, કબજા પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, વારસાઈ હક્ક કે ભરણપોષણના હક્ક કે કોઈ લેણું કરજ ગીરો, કબજા હક્કો, સોદા ચિઠ્ઠી, સાટાખત બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઇના કોઇપણ પ્રકારાના હક્ક અધિકાર હોય, તો આ નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૭ (સાત) માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી. મુદત વિત્યે કોઇપણ વ્યક્તિને કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, વાંધો, તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી મજકુર મિલકતનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઇના હક્ક, દાવા મારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા - વળગતા સર્વએ નોંધ લેવી તા. ૦૮-૦૫-૨૦૨૬

ઓફીસ : ૨૬૧, રાજ ઈમ્પેરીયા, વ્રજ ચોક, સરથાણા, સુરત સીટી, સુરત. મો. ૯૭૨૬૦-૩૯૫૫૯.

મારી મારફત
અજયકુમાર ડી. કાકડીયા
એડવોકેટ

મોજે : દેલાસા, તા.ઓલપાડ, જી.સુરતના સર્વે/બ્લોક નં.૨-૪ વાળી બીનખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલ્કત તેના માલિકો તથા કબજેદારો (૧) અતીક સુરેશભાઈ શાહ (૨) જીજ્ઞાબેન અતીક શાહ, બન્ને રહેવાસીઃ ૮૮, કોટીયાર્ક નગર સોસાયટી, રાંદેર રોડ, સુરતનાઓએ તેમની સ્વતંત્ર અને સંપુર્ણ માલિકી તથા પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ વ્યવસ્થા હેઠળની હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કર્યુ છે, તથા વેચાણ અવેજ પેટે કેટલીક રકમ સ્વીકારી છે, હમારા અસીલ ટુંક સમયમાં પુરેપુરો વેચાણ અવેજ ચુકવી આપી, સ્થળ ઉપર પ્રત્યક્ષ કબજો મેળવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે.

:મિલ્કતનું વર્ણનઃ

સુરત જીલ્લાના ઓલપાડ તાલુકાના મોજે ગામ : દેલાસા ના બ્લોક/સર્વે નં. ૨-૪ થી નોંધાયેલી બીનખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૧૮૮૯.૫૩ ચો.મી. થાય છે તેમજ રોડ, રસ્તા, સી.ઓ.પી. ઓપન સ્પેસ ના ફાળે પડતી વણવહેંચાયેલા હિસ્સાની સુમારે ક્ષેત્રફળ ૪૧૫.૦૫ ચો.મી. જમીન, તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની મિલ્કત.

સબબ, આથી જાહેર જનતાને જણાવવાનું કે, સદર મિલ્કત ઉપર કોઈના કોઈપણ જાતના ચાર્જ, બોજો, લીયન યા કોઈપણ જાતના હક્ક હીત લાગભાગ યા ઈઝમેન્ટ રાઈટસ હોય તો તે અંગેના લેખીત પુરાવા આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચે જણાવેલ ઠેકાણે રજૂ કરવા, જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ જાતના હકકો નથી અને હોય તો તે જતા કર્યા છે તેવું ગણીને સદરહુ મિલ્કતનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી પ્રત્યક્ષ કબજો હમારા અસીલ મેળવી લેશે. ત્યારબાદ કોઈની કોઇ પણ જાતની તર-તકરાર ચાલશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૦૮/૦૫/૨૦૨૬

ચંદ્રસિંહ આઈ. વાંસિયા તથા **રાહુલ આર.પરમાર**
એડવોકેટ એન્ડ નોટરી તે ખરીદનારના એડવોકેટસ
ઓફીસ નં. ૨૧૯, જલ દર્શન ટાવર, બહુમાળી મકાન પાસે, નાનપુરા, સુરત. મો.૯૮૨૫૦૯૧૨૧૯, ૯૬૬૨૫૪૬૪૮૮

વેચાણ અંગેની જાહેર નોટીસ

જી.સુરતનાં, જુના તાલુકા ચોર્યાસીના અને હાલ તાલુકા **મજુરા**નાં સર્વે નં.૧૬૦/૨ + ૧૬૧ કે જે ટી.પી.સ્કીમ નં.૨૭(ભટાર-મજુરા) માં ફાયનલ પ્લોટ નં.૭૭-એ તથા ૭૭-બી થી નોંધાયેલી બીનખેતીની જમીન ઉપર આયોજીત **"અંબિકા ઈન્ડસ્ટ્રીયલ-૧"** માં આવેલા **ઔધોગીક પ્લોટો પૈકી પ્લોટ નં.૧૦૧** વાળી મિલકત કે જેની પહોળાઇ ૧૪ ફુટ બાય ૪૦ ફુટ લંબાઇ છે કે જેનુ ક્ષેત્રફળ ૫૨.૦૨૬ ચો.મી. છે તે બાંધકામવાળી મિલકત કે જે સુરત મહાનગરપાલીકા દફતરે ટેનામેન્ટ નં.૦૩૨એ-૦૭-૦૦૩૧-૦-૦૦૧ તથા ૦૩૨એ-૦૭-૦૦૩૧-૦-૦૦૨ વાળી મિલકતનાં વિમળાબેન યોગેશકુમાર પટેલ એકલા કુલ અને સ્વતંત્ર માલીક મુખત્યાર કબજેદાર હોવાનુ જણાવીને સદરહુ મિલ્કત અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે જેથી સદર મિલ્કતનાં ટાઈટલ ચોખ્ખા ક્લીયર અને માર્કેટેબલ હોવાની અમારા અસીલને ખાતરી કરાવ્યેથી મિલ્કતનાં માલિકને પુરો વેચાણ અવેજ ચુકવી આપી તેનો પાકો વેચાણ દસ્તાવેજ અગર અન્ય પાકા જે તે લખાણો કરાવી લેનાર છે. જેથી મજકુર મિલ્કતમાં જો કોઈનુ કાંઇ સીધુ કે આડકતરુ એવુ કાંઈપણ હકકહીત લાગભાગ હીતસંબંધ હોય યાને કે કાંઈ રાઈટ ટાઈટલ ઈન્ટરેસ્ટ હોય અગર કાંઈ લેવા દેવા કે નિસ્બત હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩ ની મુદતમાં જરૂરી પુરાવા સહીતની લેખીત રજુઆત અમોને કરવી. તેમ કરવામાં ચૂક કસુર થયેથી મુદત વિત્યે સદરહુ મિલ્કતમાં કોઇના કોઈપણ પ્રકારના હકકહીત ન હતા અને નથી અગર હોય તો તે જતા કરેલ છે એમ માની તથા ગણી અમારા અસીલ ત્યારબાદ સદર મિલ્કતનો પાકો વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે અગર તે સંદર્ભેના જે તે પાકા લખાણો કરાવી લેશે અને ત્યારબાદ પાછળથી કોઈની કોઇપણ જાતની તરતકરાર દરદાવો ચાલશે નહી. તેની આથી લાગતા વળગતા તમામે નોંધ લેવી.

અમિત એસ. ચાંપાનેરીઆ-એડવોકેટ એન્ડ નોટરી
સુરેશચંદ્ર સી. ચાંપાનેરીઆ-એડવોકેટ એન્ડ નોટરી
ઠે.: યુ/૫-૬, વેસ્ટર્ન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની બાજુમાં, અડાજણ રોડ, સુરત.-૩૯૫૦૦૯

વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લો : સુરત, તાલુકો : પૂણા, **ગામ : મગોબ, જુનો બ્લોક / સર્વે નં.૧૫/૩, નવો બ્લોક / સર્વે નં.૨૮ પૈકી ૨, ટી.પી.સ્કીમ નં.૬૪ (ડુંભાલ-મગોબ), ફાયનલ પ્લોટ નં.૪૪, સબ-પ્લોટ નં.૨** થી નોંધાયેલ જમીન કે જેનું ક્ષેત્રફળ **૧૨૮૮૭.૮૨ સ.ચો.મી.** જમીનના માલિક/કબજેદાર તરીકે **એક પ્રાઈવેટ કોર્પોરેશન** ચાલી આવેલ છે. તે કોર્પોરેશનને સદર જમીન તેમની સ્વતંત્ર માલીકી/કબ્જા હેઠળની હોવાની હકીકત તથા સદર મિલકત / જમીનમાં કંપની સિવાય અન્ય કોઈનો હક્ક, હિત, હિસ્સો સમાયેલ ન હોવાની હકીકત તથા સદર જમીન અન્ય કોઈને વેચાણ/તબદીલ કરવાના કરાર/લખાણ કરેલા ન હોવાની હકીકત તેમજ સદર જમીન ઉપર કોઈપણ પ્રકારનું ફાયનાન્સ લીધેલ ન હોવાની હકીકત હમારા અસીલને જણાવેલ છે. જેથી તેઓએ હમારા અસીલને આપેલ ખાત્રી, વિશ્વાસ અને ભરોસા ઉપર આધાર રાખી હમારા અસીલે સદર બીનખેતીની જમીન તેઓ પાસેથી ખરીદ કરવાનું નક્કી કર્યુ છે. છતાં, ભવિષ્યમાં ખોટી તકરારને અવકાશ ન રહે એવા શુભ આશયથી આ જાહેર નોટીસથી તમામને તાકીદ કરવાની કે, સદર જમીન/મિલકતમાં જો કોઈ વ્યક્તિ, પેઢી, સંસ્થા કે બેંકનો કે અન્ય કોઈ ઈસમનો કાંઈપણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો, લાગ-ભાગ, દર-દાવો કે ઈઝમેન્ટના કે ખોરાકી - પોષાકીના હક્કો હોય તેમજ ત્રાહિતના કોઈપણ પ્રકારના સાટાખત, સોદાચિઠ્ઠી, કબજા કરાર કે અન્ય લખાણો / કરારો ચાલી આવેલ હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં દસ્તાવેજી પુરાવાઓ સહીત તેમના લેખિત વાંધાઓ હમો એડવોકેટશ્રીને નીચેના સરનામે પહોચાડવા. જો નિયતસમય મર્યાદામાં કોઈના કોઈપણ પ્રકારના વાંધાઓ કે તર-તકરાર આવશે નહિં તો મુદત વિત્યે હમારા અસીલ સદર ખેતીની જમીનો ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક દાવો કે તર-તકરાર નથી અને હોય તો તે વેવ યાને જતા કર્યા છે, એમ સમજી સદર જમીન/મિલકત માલિક/કબજેદારોને વેચાણ અવેજની રકમ ચૂકતે ચુકવી આપી શુધ્ધબુધ્ધિપૂર્વકના જમીન ખરીદનાર હોવાનું માની તેઓ કનેથી હમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિં, જેની લાગતાં વળગતાં સૌએ નોંધ લેવી.

તા.૦૭-૦૫-૨૦૨૬
ઠે. : ૨૦૧, દલાલ ચેમ્બર્સ, બેજનજી કોટવાલ સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૧. મો.૯૪૨૯૩ ૩૫૫૨૪

દિપક જે.ચલીયાવાલા
તે ખરીદનારના એડવોકેટ

ઈ-હરાજી થી વેચાણ નોટીસ

Central Bank of India
સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
રીજનલ ઓફિસ : ૧લો માળ, નરીમાબાદ, અઠુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત–૩૯૫ ૦૦૧. ફોન : ૦૨૬૧–૨૪૬૫૮૪૧, ૨૪૬૫૮૪૨

(સરફેસી એક્ટ - ૨૦૦૨ હેઠળ)
(પરિશિષ્ટ-૪(એ) (નિયમ ૮(૬) જુઓ)

તા. ૨૯.૦૫.૨૦૨૬ ના રોજ સ્થાવર મિલકતની વેચાણ થી વેચાણ નોટીસ

ધી સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે નિયમ ૮(૬) સાથે વંચાતી ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોનું ઈ-હરાજીથી વેચાણ નોટીસ.

નોટીસ આમ સામાન્ય રીતે જાહેર જનતાને આપવામાં આવે છે અને ખાસ કરીને ઉધારકર્તા(ઓ) / જામીનદારો (ઓ)ને આપેલ છે, નીચે જણાવેલ સ્થાવર મિલકતો, સુરક્ષિત ક્રેડીટ ધારક બંધારણીય / ચાર્જ કરાઇ છે. તેના પર **કબજો** લેવામાં આવે છે. **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**ના અધિકૃત અધિકારીએ બેંકના બાકી રકમની વસૂલાત માટે **તા. ૨૯.૦૫.૨૦૨૬**ના રોજ **"જેમ છે ત્યાં છે" "જેમ છે તે છે" અને "ત્યાં જે છે ત્યાં"** ધોરણે અને ઓનલાઈન વેબપોર્ટલ હેઠળ : https://baanknet.com વેચવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડી અને અન્ય વિગતો નીચે જણાવેલ કોષ્ટકમાં આપેલ છે. વેચાણની વિગતવાર નિયમો અને શરતો માટે સિક્યોર્ડ ક્રેડીટરએ કૃપા કરીને અમારી વેબસાઈટ : www.centralbankofindia.co.in થી માહિતી મેળવી શકશો.

નીચે જણાવેલ સ્થાવર મિલકતોની વિગત

અ. નં.	કરજદાર / જામીનદાર અને શાખા નું નામ	૧૩(૨)નોટીસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતોની વિગત	પઝેશનની તારીખ અને પ્રકાર	અનામત કિંમત રૂા./ ઈએમડી રૂા./ બીડ ગુણાંકમાં રૂા	અધિકૃત અધિકારીનું નામ અને શાખાનું સંપર્ક નં.
૧.	શ્રી વિજયકુમાર પરસોત્તમભાઈ ભુવા (કરજદાર) અને શ્રી પરસોત્તમભાઈ શામજીભાઈ ભુવા (સહ–કરજદાર), શ્રી કમલેશકુમાર કે. અમીપરા (જામીનદાર) (નાનપુરા શાખા)	રૂા. ૧૪,૭૮,૦૨૭/- તા. ૨૯.૦૬.૨૦૨૪ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	જે પ્લોટ નં. ૧૩૭, ક્ષેત્રફળ ૪૮.૦૦ સ્કે. યાર્ડ યાન કે ૪૦.૧૫ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો ક્ષેત્રફળ ૨૯.૩૬ સ્કે.મીટર, રોડ અને સીઓપી વાળી "રાજ નંદિની રેસીડેન્સી વિભાગ–3", જે સ્થિત જમીનનો બ્લોક નં. ૧૧૬, ક્ષેત્રફળ ૧૧૭૩૬ સ્કે.મીટર, ગામ–ઉમરા, તાલુકા–ઓલપાડ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા :● પુર્વે :** પ્લોટ નં. ૧૩૮, **● પશ્ચિમે :** પ્લોટ નં. ૧૩૬, **● ઉત્તરે :** પ્લોટ નં. ૧૫૦ , **● દક્ષિણે :** સોસાયટીનો ઈન્ટરનલ રોડ.	૧૮.૦૨.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો	રૂા. ૧૦,૭૬,૦૦૦/- રૂા. ૧,૦૭,૬૦૦/- રૂા. ૧૦,૦૦૦/-	શ્રી મુકેશ કચ્છવાહ ચીફ મેનેજર નાનપુરા શાખા (મો) :+૯૧-૭૫૬૭૮૮૩૮૭૬
૨.	શ્રી મુન્નાભાઈ મધુભાઈ ચોડવાડીયા (કરજદાર), શ્રીમતી વૃંદાબેન મુન્નાભાઈ ચોડવાડીયા (સહ–કરજદાર) (સગરામપુરા શાખા)	રૂા. ૧૯,૮૩,૧૭૪.૯૨ તા. ૩૦.૦૭.૨૦૨૪ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	જે મિલકતનો પ્લોટ નં. ૧૯ (નવું બ્લોક નં. ૩૮૪/૨/૧૯), ક્ષેત્રફળ ૪૪.૬૧ સ્કે.મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો ક્ષેત્રફળ ૭.૧૪ સ્કે.મીટર સીઓપી અને ક્ષેત્રફળ ૨૦.૮૫ સ્કે.મીટર કોમન રોડ, "ઓપેરા હોમ્સ વિભાગ–૨"ના નામ થી હાઉસિંગ એસ્ટેટ થી જાણીતી, જે જમીનનો સબ પ્લોટ નં. ૨, બ્લોક નં. ૩૮૪ (આર. એસ. નં. ૩૯૪), ક્ષેત્રફળ ૪૨૩૩૪.૦૦ સ્કે.મીટર, બિન ખેતીલાયક જમીન, ગામ–કામરેજ, સબ જિ. કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** પ્લોટ નં. ૮, **● પશ્ચિમે :** પ્લોટ નં. ૨૦, **● ઉત્તરે :** સોસાયટીનો ઈન્ટરનલ રોડ, **● દક્ષિણે :** પ્લોટ નં. ૧૦.	૧૫.૧૦.૨૦૨૪ પ્રત્યક્ષ કબજો	રૂા. ૧૨,૪૫,૦૦૦/- રૂા. ૧,૨૪,૫૦૦/- રૂા. ૧૦,૦૦૦/-	શ્રી અશોક બંગેરા ચીફ મેનેજર, સગરામપુરા શાખા, સુરત (મો) :+૯૧-૭૫૬૭૮૮૩૮૮૦
૩.	શ્રી હરેશભાઈ કરશનભાઈ પટેલ (કરજદાર), શ્રી પરસોત્તમભાઈ શામજીભાઈ ભુવા (સહ–કરજદાર), શ્રી કમલેશકુમાર કે. અમીપરા (જામીનદાર) (અલથાણ શાખા)	રૂા. ૩૦,૯૧,૫૧૩/- તા. ૦૪.૧૧.૨૦૨૩ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	જે મિલકતનો પ્લોટ નં. ૨૯૮, અમૃતવિલા વિભાગ–૧, ઓપેરા હોમ્સની સામે, પ્લોટ નો ક્ષેત્રફળ એરીયા ૮૬.૫૨ સ્કે. યાર્ડ અથવા ૭૨.૩૪ સ્કે. ફીટ, નનસાડ રોડ, મોજે–કામરેજ, સબ જિ. કામરેજ, જિ. સુરત–૩૯૪૧૮૫ ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમાઃ● પુર્વે :** સોસાયટી રોડ થી સંકળાયેલ, **● પશ્ચિમે :** પ્લોટ નં. ૨૪૩ થી સંકળાયેલ, **● ઉત્તરે :** પ્લોટ નં. ૨૯૬ થી સંકળાયેલ, **● દક્ષિણે :** પ્લોટ નં. ૨૯૯ થી સંકળાયેલ.	૨૮.૦૧.૨૦૨૫ પ્રત્યક્ષ કબજો	રૂા. ૧૭,૮૮,૦૦૦/- રૂા. ૧,૭૮,૮૦૦/- રૂા. ૧૦,૦૦૦/-	સોની કુમારી ચીફ મેનેજર, અલથાણ શાખા, સુરત (મો) :+૯૧-૭૫૭૪૮૮૪૯૭૫
૪.	વિવેક રમેશભાઈ બોરાડ (કરજદાર) (અલથાણ શાખા)	રૂા. ૧૩,૮૦,૭૦૭/- તા. ૦૪.૧૧.૨૦૨૩ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	જે ફલેટ નં. ૩૦૨, બિલ્ટ અપ એરીયાનો ક્ષેત્રફળ ૫૫.૫૮ સ્કે.મીટર અને કાર્પેટ એરીયા ૪૯.૪૨ સ્કે.મીટર, ત્રીજો માળ સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો જમીન "એ" બિલ્ડીંગ, રિદ્ધિ સિદ્ધિ રેસીડેન્સી, બાંધકામ વાળી જમીનનો પ્લોટ નં. ૧૨, ક્ષેત્રફળ ૪૧૪ સ્કે. યાર્ડ યાને કે ૩૪૬.૨૮ સ્કે.મીટર, સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો રોડ અને સીઓપીનો ક્ષેત્રફળ ૮૯.૩૪ સ્કે.મીટર, કુલ ક્ષેત્રફળ ૪૩૫.૬૨ સ્કે.મીટર, (૭/૧૨ મુજબનો બ્લોક નં. ૫૨૧/પૈકી ૧૨, ક્ષેત્રફળ ૪૩૫ સ્કે.મીટર), બ્લોક નં. ૫૨૧, પૈકી ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૬૨ (ડિંડોલી–ભેસ્તાન–ભેડવાડ), ઓ.પી. નં. ૧૫૦, ફાઈનલ પ્લોટ નં. ૧૫૦/એ, ગામ–ડિંડોલી, સબ જિ. સિટી તાલુકા, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **● ચતુરસીમા : ● પુર્વે :** રોડ, **● પશ્ચિમે :** રોડ, **● ઉત્તરે :** જમીન નંબરથી સંકળાયેલ, **● દક્ષિણે :** પ્લોટ નં. ૧૧.	૦૬.૧૦.૨૦૨૪ પ્રત્યક્ષ કબજો	રૂા. ૧૪,૮૧,૦૦૦/- રૂા. ૧,૪૮,૧૦૦/- રૂા. ૧૦,૦૦૦/-	સોની કુમારી ચીફ મેનેજર, અલથાણ શાખા, સુરત (મો) :+૯૧-૭૫૭૪૮૮૪૯૭૫
૫.	શ્રી પ્રવિણભાઈ લાલજીભાઈ ચંપાનેર, શ્રી ચિરાગભાઈ પ્રવિણભાઈ ચંપાનેરા, શ્રીમતી વિજયાબેન પ્રવિણભાઈ ચંપાનેરા (અમરોલી શાખા)	રૂા. ૨૦,૭૨,૫૦૮/- તા. ૦૨.૦૧.૨૦૨૪ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે	શ્રી પ્રવિણભાઈ લાલજીભાઈ ચંપાનેર, શ્રી ચિરાગભાઈ પ્રવિણભાઈ ચંપાનેરા, શ્રીમતી વિજયાબેન પ્રવિણભાઈ ચંપાનેરાની માલિકીની મિલકત જે પ્લોટ નં. ૨૫૬, ક્ષેત્રફળ ૪૨.૩૮ સ્કે. મીટર, સાથે અવિભાજીત સરકા ભાગો હિસ્સાનો ક્ષેત્રફળ ૨૯.૧૫ સ્કે. મીટર, કુલ ક્ષેત્રફળ ૭૧.૫૩ સ્કે. મીટર, રોડ અને સીઓપી વાળી શુભ નંદિની રેસીડેન્સી વિભાગ–૧, જે જમીનનો રેવન્યુ બ્લોક નં. ૧૨૯/સી, ૧૩૦, ૧૩૧ (કન્સોલીડેટેડ પછી નવો બ્લોક નં. ૧૨૯/સી), ગામ–કામરેજ, તાલુકા–કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **● ચતુરસીમા : ● પુર્વે :** પ્લોટ નં. ૨૬૩, **● પશ્ચિમે :** સોસાયટીનો રસ્તો, **● ઉત્તરે :** પ્લોટ નં. ૨૫૫, **● દક્ષિણે :** પ્લોટ નં. ૨૫૭.	૨૯.૦૯.૨૦૨૬ પ્રત્યક્ષ કબજો	રૂા. ૧૧,૦૧,૦૦૦/- રૂા. ૧,૧૦,૧૦૦/- રૂા. ૧૦,૦૦૦/-	શ્રી બ્રજેશ તિવારી ચીફ મેનેજર, અમરોલી શાખા, સુરત (મો) :+૯૧-૭૫૬૭૮૮૩૮૬

નિરીક્ષણની તારીખ અને સમય : તા. ૨૨.૦૫.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ કલાકે
ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૯.૦૫.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાકે
(બંધ કરતા પહેલા ૧૦ મિનિટનું ઓટો એક્ટેન્શન સાથે)

- મિલકત પરના કરભાણની બેંકને ખબર હોય તેવી વિગત : ખબર નથી.
- ઈ-હરાજી વેચાણમાં ભાગ લેવા માટે, ઈચ્છુક બીડરોએ પોતાની વિગતો સર્વિસ પ્રોવાઈડર : https://baanknet.com ને વહેલી તકે રજીસ્ટર કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લેવા. બીડરો https://baanknet.com ની મુલાકાત લે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડયો સાથે ગાઈડલાઈન્સ ઉપલબ્ધ છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને બેંકની વેબસાઈટ : www.centralbankofindia.co.in પર આપેલ લિંક જુઓ.
- વધુ જાણકારી માટે -સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ, સુરત , શ્રી ગુંજન ગટાણી (ચીફ મેનેજર) મો. :+૯૧- ૮૨૩૯૪૫૨૫૪૮નો સંપર્ક કરી શકશો.
- વેચાણની શરતો અને નિયમો સિક્યોરીટી ઈન્ટરેસ્ટ નિયમો (એન્ફોર્સમેન્ટ), નિયમો ૨૦૦૨ની જોગવાઈઓ મુજબની જ રહેશે.

સરફેસી કાયદા ૮(૬), ૨૦૦૨ અંતર્ગત ૧૫ દિવસની નોટીસ

સુરક્ષિત લેણદારોની બાકી રકમની વસૂલાત તરફથી સ્થાવર મિલકતોના વેચાણ માટે ઉધારકર્તા/જામીનદારો/ ગિરવેદારોને સૂચિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

તારીખ : ૦૭.૦૫.૨૦૨૬
સ્થળ : સુરત
(વિવાદીત સ્થિતીમાં અંગ્રેજી માન્ય રહેશે)